

## માથાસુલિયા પ્રાથમિક શાળામાં સ્વામી વિવેકાનંદ જન્મજયંતિની ઉજવણી

માથાસુલિયા પ્રા.શાળા તા. મોડાસામાં આજરોજ તા. ૧૨-૧-૨૦૧૬ના રોજ સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી. શાળાના વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદનું જીવન ચરિત્ર સમજાવવામાં આવ્યું. વેશભૂષા કાર્યક્રમ અંતર્ગત અત્રેની શાળાના વિદ્યાર્થી ભરત દીપાજી કટારા દ્વારા બાળકો સમક્ષ સ્વામી વિવેકાનંદના જીવન ચરિત્ર અને ઉદ્દેશોની રજૂઆત કરવામાં આવી. શાળાના શિક્ષકો દ્વારા બાળકોને વિવેકાનંદના જીવનમૂલ્યોને સ્વીકારવાની શપથ લેવડાવી કાર્યક્રમને સફળ બનાવ્યો.

# મોડાસાની ઓમનગર સોસાયટીમાં તસ્કરોનો તરખાટ

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લામાં વડામથક એવા મોડાસા શહેરમાં આજકાલ ચોરોએ તરખાટ મચાવી દીધો છે. અને અરવલ્લી જિલ્લાને પોલીસના મોં ઉપર તમાચો મારતા હોય તેમ તસ્કરોએ



પોલીસને ચેલેન્જ કરી છે તેના સામે અરવલ્લી જિલ્લા પોલીસે જાણે ઘુટણ ટેકવી દીધા હોય તેમ મોડાસામાં ઉપરાઉપરી એક જ માસમાં કેટલીયે દુકાનો તથા મકાનોમાં ચોરી થઈ પણ પોલીસ તેને પકડવામાં કે તેનું પગેરૂ શોધવામાં નાકામ દેખાઈ રહી છે અને મોડાસાના નાગરીકો તેવું જણાવી રહ્યા છે કે પોલીસને હપ્તાઓમાં રસ છે.

મોડાસા શહેરમાં આવેલ માલપુર રોડ ઉપર નવ, ઓમનગર સોસાયટીમાં રહેતા મનોજભાઈ કડિયાના મકાનમાં તેઓ બે દિવસ બહાર ગયેલા હતા તે દરમિયાન તસ્કરોએ પોલીસને ખુલ્લો પડકાર ફેંકી અને મકાનમાં પાંચથી વધુ તાળા તોડી તસ્કરોએ બાળકોને ભણવાના વસ્તુઓને વેર વિખેર કરી અને બાળકોના રૂપિયા ૩૦૦૦ અને મનોજભાઈના ૨૨૦૦ રૂપિયા જ્યારે ચાંદીની ઝાંઝર, તેમજ ઘડિયાળો સહીતની અન્ય વસ્તુઓ ચોરાયેલ દશ્યમાન થઈ હતી. ત્યારે મકાન માલિક પરત ફરતા આ જોઈ અચંબામાં પડી ગયેલ હતા. અને તેમને તેમના મકાનને ઉપર આવેલ બીજા માળે તપાસ કરતા બીજા માળના પણ તાળા તુટેલા હતા અને તેમાં સ્ટોર રૂમથી લઈ અન્ય રૂમોમાં પણ તસ્કરોએ હાથ સાફ કરી નાખ્યા હતા. અને આ મકાન માલિક નીચે આવેલ વરંડામાં જ્યાં તેમના બાળકો તથા તેમના વ્હીકલો પાર્ક કરે છે તે જગ્યાએથી તેમનું બજાજ કેલીબર જીજે-૦૯.એન.૫૬૪૬ ન જોતા ચોકી ઉઠ્યા હતા. અને તેમના પ્રવાસ દરમિયાન બાળકોની મોપેડ તથા સાળાની પણ બાઈક મુકેલી હતી તેમાં પણ તસ્કરોએ અન્ય ચાવીઓ લગાવી તોડવાની કોશીસ કરી હતી. પરંતુ આ તસ્કરો તેમના આ મનસૂબામાં કોઈ ના કોઈ કારણોસર નાકામ રહેલા હતા.

# મહેસાણામાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી ફારસરૂપ બની હોવાનો લોકમત

મહેસાણા જિલ્લામાં દર વર્ષે જાન્યુઆરી માસના પ્રથમ સપ્તાહમાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. પરંતુ આ ઉજવણી દરમિયાન માર્ગ અકસ્માત નિવારણ માટે જે અસરકારક કામગીરી થવી જોઈએ તે થતી નથી. પરિણામે આ ઉજવણી ફારસરૂપ બની રહે છે તેવો લોકમત પ્રવર્તે છે.

દર વર્ષે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં માર્ગ સલામતિ સપ્તાહની ઉજવણી થાય છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય રસ્તાઓનો ઉપયોગ કરનાર વાહન માલિકો, ડ્રાઈવરો તથા અન્ય લોકોને વાહન હંકારતા અથવા માર્ગ પરથી પસાર થતી વેળા અકસ્માત ન સર્જાય તે માટે ટ્રાફિક અંગેના નિયમોની જાણકારી આપવાની હોય છે. આ ઉપરાંત તે અંગેનું પાલન કરાવવાનું હોય છે. તેમ છતાં સંબંધિત ખાતાના અધિકારીઓ નાટકની જેમ શૉ કરી સપ્તાહની ઉજવણી કર્યાનો સંતોષ માને છે. વાસ્તવમાં આ ઉજવણીનો કોઈ જ હેતુ સિદ્ધ થતો હોય તેમ જણાતું નથી.

પોલીસ અને આરટીઓ તંત્ર દ્વારા માર્ગ સલામતી અંગે લોકોમાં સભાનતા અને જાગૃતિ લાવવા માટે સઘન પગલાં લેવા જોઈએ તે લેવાતા નથી. જિલ્લામાં પોલીસ અને આર.ટીઓના અધિકારીઓની સામી છાતીએથી રોજિંદા કેટલાય ખાનગી વાહનોમાં ગેરકાયદે અમર્યાદિત મુસાફરોની એકબીજા સ્થળે હેરાફેરી થઈ રહી છે. આવા વાહનોની સામે જૂજ પગલાં ભરાય છે પરંતુ ખાસ કોઈ અસરકારક પગલાં ભરતાં નથી. જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી માર્ગ અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું છે. ગોઝારા અકસ્માતોમાં કેટલીયે માનવ જીંદગીઓ હોમાય છે અને કેટલાક ઘાયલ થાય છે તેમ છતાં જવાબદાર તંત્રો સબસલામતનું રટણ કરે છે.

# મેઘરજની બી.એડ્. કોલેજમાં સ્વામી વિવેકાનંદ જયંતિ ઉજવાઈ




મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમાં માલપુર રોડ પર આવેલ સરકારી બી.એડ કોલેજમાં સ્વામી વિવેકાનંદની ૧૫૩મી જન્મ જયંતિ નિમિત્તે સ્વામી વિવેકાનંદના વિચારો દરેકે દરેક લોકો સુધી પહોંચે તે હેતુથી તા. ૧૨-૧-૨૦૧૬ના રોજ લોકજાગૃતિ રેલીનું વિવેકાનંદના મોટા મોટા બેનરો અને પોસ્ટરો સાથે મેઘરજ નગરમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સરકારી બીએડ કોલેજ મેઘરજના પ્રિન્સિપાલ શ્રીમતી ગાયત્રીબેન પટેલ, અધ્યાપક મિત્રો અને બીન શૈક્ષણિક કર્મચારી ગણ તથા આ કોલેજના તમામ તાલીમાર્થીઓએ આ રેલીમાં ઉત્સાહપૂર્વક જોડાઈને સૂત્રોચ્ચાર દ્વારા વિવેકાનંદના ઉત્તમ વિચારોને લોકમાનસ સુધી પહોંચાડવાનું આ રેલી દ્વારા ઉમદા કાર્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સ્વામી વિવેકાનંદની ૧૫૩મી જન્મ જયંતિના ઉપક્રમે કોલેજમાં નિબંધ લેખન સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, સ્લોગન સ્પર્ધા તથા સ્વામી વિવેકાનંદના જીવન પર આધારીત ચિત્રોનું પાવર પ્રેઝન્ટેશન પણ તાલીમાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું. આમ આવી તમામ સ્પર્ધાઓમાં તાલીમાર્થીઓએ ખુબ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સ્વામી વિવેકાનંદની ૧૫૩મી જન્મ જયંતિની ખુબજ ઉત્સાહપૂર્વક શાનદાર ઉજવણી મેઘરજ સરકારી બી.એડ. કોલેજ દ્વારા કરવામાં આવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### મેઘરજમાં પુત્રએ માતાને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી

મોડાસા, તા. ૧૩

મેઘરજ તાલુકાના કંભરોડા ગામે હચમચાવી નાખે તેવો કિસ્સો પ્રકાશમાં આવતા તાલુકામાં ચોમેરથી ધિક્કાર વરસી પડ્યો હતો. જનની જનેતા જેણે નવ-નવ મહિના તકલીફ સહન કરી અને પેટે પાટા બાંધી જે પુત્રને લાડકોડથી ઉછેરી મોટો કર્યો હોય તે પુત્ર પૃથ્વી પર અવતાર આપનાર માતાને બિભત્સ શબ્દો બોલી માર મારે ત્યારે સાંભળનારને પણ અરેરાટી વ્યાપી જતી હોય છે.

કંભરોડા ગામે ઘરકામ કરીને ગુજરાન ચલાવતા નાથીબેન પોતાના પતિ અને નાના દિકરા સાથે રહે છે. અને તેમનો મોટો દિકરો તેના પરિવાર સાથે અલગ રહે છે. તેમનો પુત્ર ઉદા હીરા ડામોર તેના સંતાનને માર મારી રહ્યો હતો તે દરમિયાન નાથીબેને માર મારવાની ના પાડતા પુત્ર ઉદો ઉશ્કેરાઈ જઈ કુહાડીથી હૂમલો કરી હાથના ભાગે ઈજાઓ પહોંચાડી હતી. અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. નાથીબેને પુત્ર દ્વારા અવારનવાર માર મારતો હોવાની હૈયાવરાળ પોલીસ સમક્ષ વ્યક્ત કરી હતી. મેઘરજ પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી.

### વીજ અકસ્માત અટકાવવા જેટકો અને યુજીવીસીએલ દ્વારા પાલનપુર ખાતે રેલી યોજાઈ

પાલનપુર, તા. ૧૩

ઉત્તરાયણના તહેવારમાં વીજ અકસ્માત થતા અટકાવવા જેટકો અને યુજીવીસીએલ દ્વારા પાલનપુર ખાતે જનજાગૃતિ રેલી યોજાઈ હતી. તા. ૧૩ જાન્યુઆરીના રોજ સવારે ૧૧.૦૦ કલાકે યોજાયેલી આ રેલીમાં શાળાના બાળકોએ પક્ષી બચાવવા અને અકસ્માત થતા અટકાવવા સૂત્રોચ્ચાર કરી જાગૃતિનો સંદેશો આપ્યો હતો. આ જાગૃતિ રેલી પાલનપુર ચાર રસ્તા જેટકોની ઓફિસથી નીકળી હનુમાન ટેકરી થઈ પાલનપુરના વિવિધ વિસ્તારોમાં ફરી હતી અને લોકોમાં વીજ અકસ્માત અટકાવવા જાગૃતિ લાવવા પેમ્ફલેટ, બેનર અને સૂત્રો દ્વારા જાગૃતિ લાવવામાં આવી હતી. પતંગથી પક્ષીઓને ઈજા કે હાની ન પહોંચે તે માટે સવારે અને સાંજે પતંગ ન ચગાવવા લોકોને બાળકો દ્વારા અપીલ કરવામાં આવી હતી. તથા લાઉડસ્પીકરથી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. જેમાં કિષ્નાડ વિદ્યાલય પાલનપુરના વિદ્યાર્થીઓ, જેટકોના અધિકારીઓ, કર્મચારીઓ અને યુજીવીસીએલના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા.

### પોશીનામાં કરિયાણાની દુકાનમાંથી ૧૦ હજારથી વધુની ચોરી થતા ફરિયાદ

પોશીના મુખ્ય બજારમાં આવેલ એક કરિયાણાની દુકાનમાંથી સોમવારે રાત્રે અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી કપાસીયા તેલના સાત ડબ્બા તથા અન્ય કરિયાણુ મળી રૂ. ૧૦,૫૦૦ની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે હરજીભાઈ લાડુભાઈ અંગારીયાએ મંગળવારે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ પોશીના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. એસ. વી. ચૌધરીએ વધુ તપાસ હાથ ધરી છે.

# પુંસરી ગ્રામ પંચાયતે ૧૧ દિકરી દત્તક લઈ સાચા અર્થમાં બેટી બચાવો-બેટી પઢાવો મંત્રને સાર્થક બનાવ્યું

તલોદ, તા. ૧૩

૧૨ જાન્યુઆરીના દિનને ‘‘વિશ્વ દિકરી દિવસ’’ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે દિકરીઓના ઉત્થાન માટે ખાસ કોઈ સંસ્થાઓ કે એનજીઓ પ્રેરણાદાયી ભૂમિકા ભજવતી જોવા મળતી નથી. ત્યારે, સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાની પુંસરી ગ્રામ પંચાયતે અનેક સમાજની મળી કુલ ૧૧ દિકરીઓને દત્તક લઈ તે દિકરીઓના ઉછેર, અભ્યાસ અને લગ્નપ્રસંગ સહિતની જવાબદારી પોતાને શિરે લઈને ‘બેટી બચાવો-બેટી પઢાઓ’ અભિયાનને જાણે કે જીવંત ગતિ પુરી પાડી છે. આ દિકરીઓને દિલ્હી ખાતેના અક્ષરધામ દર્શન માટે વિમાન માર્ગે લઈ જવાની વ્યવસ્થા પણ પુંસરી ગ્રા.પં.ના સરપંચ હિમાંશુ એન. પટેલની ટીમે કરેલ છે. જે દિકરીઓ શ્રમજીવી પરિવારોની છે જેમાંની કેટલીક દિકરીઓએ મા કે બાપની છત્રછાયા ગુમાવી છે.

પુંસરી ગ્રામ પંચાયતે છેલ્લા દાયકાથી આ જવાબદારી નિભાવવા જહેમત ઉઠાવી છે. પંચાયતે જે

**આ દિકરીઓને તા. ૧૫ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ સૌરાષ્ટ્રના પ્રવાસે લઈ જવાનું આયોજન કરવામાં આવેલ છે અને ત્યાર બાદ તા. ૧૭ જાન્યુઆરીની સાંજે આ દિકરીઓ પૈકીની અમદાવાદથી હવાઈ માર્ગે પંચાયતના ખર્ચે દિલ્હી જશે અને સુપ્રસિદ્ધ એવા અક્ષરધામના દર્શન કરવા સહભાગી બનશે**

દિકરીઓને દત્તક લીધી છે તેમાં રાવળ સમાજની ૪, ક્ષત્રિય સમાજની ૩, બ્રહ્મસમાજની ૨ અને પટેલ તથા દલિત સમાજની ૧-૧ દિકરીનો સમાવેશ થાય છે. આ ૧૧ દિકરીઓ પૈકીની દલિત સમાજની દિકરી તો પ્રજ્ઞાચક્ષુ હોઈ તેણીને વિજાપુર ખાતે અંધજન મંડળની સંસ્થામાં રહેવા-ભણવાની સુવિધા પુરી પાડવામાં આવેલ છે. તે જ રીતે આ તમામ દિકરીઓને ગ્રા.પં. તરફથી સ્કૂલ યુનિફોર્મ, કાયમી કપડાં તથા વર્ષ દરમ્યાનના તમામ ઉત્સવ પ્રસંગે ઉત્સવ સંદર્ભની ચિજવસ્તુઓ પુરી પાડવામાં આવે છે. તેમજ તેઓના પરિવારજનોની આર્થિક સ્થિતિને કેન્દ્રસ્થાને રાખીને દર મહિને સીધુ-સામગ્રી પણ પંચાયત પુરી પાડે છે. આ દિકરીઓને શક્ય ત્યાં સુધી વધુને વધુ ભણાવી ગણાવી પગભર કરવા અને સુયોગ્ય પાત્ર સાથે તેઓનું દામ્પત્ય જીવન જોડાય ત્યાં સુધીની તમામ જવાબદારી નિભાવવા પંચાયતે પ્રશંસનીય અને પ્રેરણાદાયી એજન્ડા બનાવેલ છે. જે અન્ય સંસ્થાઓ તથા એનજીઓ માટે દિવાદાંડીરૂપ બની રહેશે તે નિર્વિવાદ વાત છે.

ઉલ્લેખનીય છે કે દત્તક દિકરીઓ પૈકીની ૧ દિકરીએ ચાલુ સાલે ધો. ૯માં ૮૮ ટકા માર્કસ સાથે શાળામાં પ્રથમ નંબરે ઉત્તિર્ણ થઈને ગૌરવપ્રદાન કર્યુ હોવાનું યુવા સરપંચ હિમાંશુ પટેલે એક મુલાકાતમાં કહ્યું હતું.

# હાર્દિક પટેલ વધુ ત્રણ દિવસના રીમાન્ડ પર

## વીસનગર પોલીસ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે હાર્દિકને ટ્રાન્સફર વોરંટના આધારે લાવી વિસનગર કોર્ટમાં રજૂ કર્યો હતો

મહેસાણા, તા. ૧૩

મહેસાણા જિલ્લાના વિસનગરમાં પાટીદાર અનામત આંદોલનની રેલી દરમિયાન સ્થાનિક ભાજપના ધારાસભ્યની ઓફિસમાં તોડફોડ તેમજ ખાનગી વાહનને આગ લગાડવા બાબતે નોંધાયેલ લૂંટ અને હૂલ્લડના ગુનામાં સંડોવાયેલ પાટીદાર અનામત આંદોલન સમિતિના આગેવાન હાર્દિક પટેલની ટ્રાન્સફર વોરંટના આધારે વિસનગર પોલીસે ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મહેસાણા લાવી રાત્રિના સમયે વિસનગર ખાતે ન્યાયાધિશના નિવાસસ્થાને રજુ કરી પાંચ દિવસના રીમાન્ડની માંગણી કરી હતી. પરંતુ નામદાર કોર્ટે ત્રણ દિવસના રીમાન્ડ મંજૂર કર્યા હતા. જેથી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

દરમિયાન દક્ષિણ ગુજરાતના લાજપોર જેલમાંથી ટ્રાન્સફર વોરંટના આધારે વિસનગર લવાયેલ પાસના નેતા હાર્દિક પટેલને દિવસભર મહેસાણા જિલ્લા પોલીસ હેડ ક્વાર્ટર ખાતેની લોકલ ક્રાઈમ બ્રાંચની કચેરીએ રાખવામાં આવ્યો હતો. જ્યાં હાર્દિકના પરિવારજનોએ મુલાકાત કરી હતી. આ ઉપરાંત પાસના અન્ય આગેવાનોએ પણ હાર્દિકને મળ્યા હતા. જેમાં હાર્દિકે હકની લડાઈ ચાલુ રાખવાનો હુંકાર કર્યો હતો.



## પ્રાંતિજની અવરઓન હાઈસ્કૂલનો વાર્ષિકોત્સવ યોજાયો

પ્રાંતિજ ખાતે આવેલ કેળવણી મંડળ સંચાલિત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ભુલકાઓ બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. પ્રાંતિજ રેલવે સ્ટેશન ઉપર આવેલા અવરઓન હાઈસ્કૂલ ખાતે બે દિવસીય વાર્ષિકોત્સવ યોજાયો હતો. જેમાં જયસિંહ ચૌહાણ (પૂર્વ શિક્ષણ મંત્રી), નિરવભાઈ પરીખ (નગરપાલિકા પ્રમુખ), રઈશભાઈ કસ્બાતી (પ્રમુખ કેળવણી મંડળના પ્રમુખ), ટી.બી. રાઠોડ (પ્રાંતિજ પી.આઈ.), નિત્યાનંદભાઈ (પૂર્વ પ્રમુખ નગરપાલિકા) વગેરે ઉપસ્થિત રહ્યા હતા. અને દિપ પ્રાગટ્ય કરી સાંસ્કૃતિક કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જ્યારે બે દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાળકો દ્વારા મ્યુજિકલ ડાન્સ, અભિનય ગીત, દેશભક્તિ ગીત, ડાન્સ, નાયક, હોલીગીત, રાષ્ટ્રીય ગીત, ફિલ્મીગીત, ગરબા સહિત કાર્યક્રમોમાં ભાગ લઈ શાળાના બાળકોએ બહારથી આવનાર મહેમાનો તથા પ્રેક્ષકો વાલીઓના દિલ જીતી લીધા હતા. જ્યારે આ કાર્યક્રમનું સફળ સંચાલન એલાઉન્સમેન્સ પવનબેન પટેલ, સાદુલભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.



## દિયોદર ખાતે સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે પુષ્પાંજલી અર્પણ કરાઈ

આજે ૧૨ જાન્યુઆરી સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે દિયોદર તાલુકા ભાજપ અને યુવા ભાજપ દ્વારા આરામ ગૃહ ખાતેથી રેલી સ્વરૂપ નીકળી સ્વામી વિવેકાનંદની પ્રતિમાને ફૂલહાર પહેરાવી પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે દિયોદર તાલુકા ભાજપ પ્રમુખ પરાગભાઈ જોષી, યુવા ભાજપ પ્રમુખ રમેશભાઈ ચૌધરી, નાગજીભાઈ દેસાઈ, પ્રદિપભાઈ શાહ, લાલજીભાઈ પટેલ, કે.પી. માળી વગેરે ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે બીજી તસવીરમાં સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે એબીવીપી દિયોદર શાળા દ્વારા આદર્શ હાઈસ્કૂલ મુકામે ધો. ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓની સામાન્ય જ્ઞાન કસોટી યોજવામાં આવી હતી. જેમાં ૧૨૦૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તેમજ જી.વી. વાઘેલા કોલેજ દ્વારા કોલેજથી રેલી સ્વરૂપે વિદ્યાર્થીઓ નિકળી સ્વામી વિવેકાનંદની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી હતી. આ પ્રસંગે એબીવીપીના જિલ્લા આયોજક સચિન પ્રજાપતિ તેમજ એબીવીપી દિયોદર કેમ્પસ પ્રમુખ ધનરાજ ચૌધરીએ હાજરી આપી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### ઈડર તાલુકામાંથી બિનઅધિકૃત ખનિજ વહન કરતા ૭ ટ્રેક્ટર ઝડપાયા

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લા ખાણ-ખનિજ વિભાગની ટીમે મંગળવારે સવારે ઈડર તાલુકાના શેરપુર ગામ નજીકથી ઘંઉઆવ નદીના પટમાં ચેકીંગ ઝુંબેશ દરમિયાન બિનઅધિકૃત રીતે ખનિજ વહન કરતા ૬ ટ્રેકટરો ઉપરાંત રોયલ્ટી પાસ વિના સેન્ડસ્ટોન ખનિજ વહન કરતા એક ટ્રેક્ટર સહિત સાત વાહનોને જપ્ત કરી ઈડર પોલીસ સ્ટેશન હવાલે કર્યા છે. વિભાગ દ્વારા સાતેય વાહન માલીકો વિરૂદ્ધ દંડનીય કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લા ખાણ-ખનિજ વિભાગના ભુસ્તરશાસ્ત્રી કે.એમ. પટેલની રાહબરી હેઠળ માઈન્સ સુપરવાઈઝર જે.પી. ઓઝા, સર્વેયર વી.એમ. ચૌધરી અને રોયલ્ટી ઈન્સ્પેક્ટર કે.કે. વ્યાસ સહિતની ટીમે મંગળવારે સવારે ઈડર તાલુકામાં ચેકીંગ ઝુંબેશ હાથ ધરીહતી. જેમાં ઈડર હાઈવે માર્ગ પરથી રોયલ્ટી પાસ વિનાના એક ટ્રેક્ટરને ટીમે ઝડપી લીધુ હતુ.

ત્યારબાદ ખનિજ વિભાગની ટીમે ઈડર તાલુકાના શેરપુર નજીક આવેલી ઘંઉઆવ નદીના પટમાં ચેકીંગ હાથ ધર્યું હતું. તે દરમિયાન રેતી ખનિજ વહન કરતા ૬ ટ્રેક્ટરોને નદીપટમાંથી ખનિજ વિભાગની ટીમે ઝડપી લઈ સાતેય વાહનોને ઈડર પોલીસ સ્ટેશન હવાલે કરાવ્યા હતા. ખાણ-ખનિજ વિભાગે ખનિજ ચોરીમાં ઝડપાયેલા વાહન માલિકો વિરૂદ્ધ દંડનીય કાર્યવાહી હાથ ધર્યાનું સૂત્રોએ જણાવ્યું હતું.